

નવરાત્રીના છેલ્લા નોરતે શેરી ગરબા જામ્યા હતા. મહિલાઓ અને યુવાનો ગરબામાં ઉલ્લાસભેર જોડાયા હતા. સેક્ટર-૫, સેક્ટર-૪ અને સેક્ટર-૭ ખાતે યોજાયેલા ગરબા મહોત્સવમાં નવરાત્રીના છેલ્લા દિવસે વસાહતીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.



## ઉનાવા ખાતે રખડતા ઢોરનો આતંક

પાટનગર ગાંધીનગરના ઉનાવા ખાતે રખડતાં ઢોરનો આતંક એવો છે કે તેનાથી લોકોનો જીવ પણ જઈ શકે છે. આવી જ એક ઘટના તાજેતરમાં અહીં ઘટી છે. જે ઘટનાને લઈને લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. તાજેતરમાં રખડતા ઢોરોએ ગામના લોકોને અડફેટે લીધા હતા જેમાં ૫૫ વર્ષીય મહિલા બોડીબેન ભગાજી ઠાકોરને માથે ગંભીર ઈજા થતા ૧૧ ટાંકા આવ્યા છે, તદુપરાંત ચંદ્રિકાબેન કરણજી ઠાકોર અને જીલાજી સેંધાજી ઠાકોરને ફેકચર થયેલ અને કવિતાબેન લાલાજી ઠાકોરને કમરના ભાગે ગંભીર ઈજા થયેલ છે. ગામના લોકોની રજુઆતના પગલે ગાંધીનગર તાલુકા સદસ્ય રાકેશકુમાર ગજેન્દ્રસિંહ ઠાકોર, ગામના આગેવાનો તેમજ રબારી સમાજના લોકોએ સાથે મળીને ૫૦ થી વધુ ઢોરોને પકડી પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા દશેરાએ શસ્ત્રપૂજા

## આજે ૨૦મી વાર શસ્ત્ર પૂજા કરાઈ હતી, ગુજરાત મુખ્યમંત્રી નિવાસસ્થાને શસ્ત્ર પૂજાની શરૂઆત મોદીએ કરાવી હતી

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગરમાં આજે સવારે દશેરાના પર્વ પર મુખ્યમંત્રી નિવાસસ્થાને શાસ્ત્રપૂજન કરાયુ હતું. ગુજરાતના નવા બનેલા મુખ્યમંત્રીના હસ્તે શસ્ત્રપૂજન કરવામાં આવ્યુ હતું. દશેરા નિમિત્તે આજે શસ્ત્રપૂજન કરાયુ હતું. મુખ્યમંત્રી બન્યા બાદ ભુપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી નિવાસસ્થાને પ્રથમ વાર શસ્ત્ર પૂજન કર્યુ હતું. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સમયથી શસ્ત્ર પૂજનની ગાંધીનગરમાં પરંપરા રહી હતી. પૂજા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હળવા અંદાજમાં કહ્યું હતું કે, કેટલાક લોકોની જીભ જ શસ્ત્ર જેવી હોય છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સવારે શસ્ત્ર પૂજા માટે પહોંચ્યા હતા. ગાંધીનગરમાં શસ્ત્ર પુજાની શરૂઆત ૨૦૦૨ ના વર્ષમાં થઈ હતી. ગાંધીનગરમાં આજે ૨૦મી વાર શસ્ત્ર પૂજા કરાઈ હતી.



ગુજરાત મુખ્યમંત્રી નિવાસસ્થાને શસ્ત્ર પૂજાની શરૂઆત નરેન્દ્ર મોદીએ કરાવી હતી. દશેરા નિમિત્તે મુખ્યમંત્રી નિવાસ્થાને શસ્ત્ર પુજન થાય છે. સલામતીના જવાનો સાથે મુખ્યમંત્રી આધુનિક શસ્ત્રોની પૂજા કરી હતી. દર વર્ષે મુખ્યમંત્રી દ્વારા પૂજન કાર્યક્રમનુ આયોજન કરાય છે. શસ્ત્ર પૂજન કર્યા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ હતું કે, આજે વિજયા દશમીનો તહેવાર છે.

તેથી ગુજરાતવાસીઓને શુભેચ્છાઓ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં શસ્ત્ર પૂજાનો પ્રારંભ કરાવ્યો હતો. આજે મને લાભ મળ્યો છે તેથી ધન્યતા અનુભવુ છું. આસુરી શક્તિ પર દેવી શક્તિનો હંમેશા વિજય થયો છે. શસ્ત્ર દરેક માટે જુદુ જુદુ હોય છે. દરેકને મળેલી જવાબદારી નિષ્ઠાથી નિભાવીએ તો એ વિજય છે, શસ્ત્રનો સદુઉપયોગ છે. કેટલાકની જીભ શસ્ત્ર જેવી હોય છે. રામ રાજ્યની કલ્પના સાકાર થાય તે જરૂરી છે, રામ રાજ્યની કલ્પનાને વડાપ્રધાન લઈ જઈ રહ્યા છે. દરેક માટે શસ્ત્ર બંદૂક તોપ કે એ ન હોય શકે. તેથી જે જવાબદારી મળી છે તે નિષ્ઠાપૂર્વક અદા કરી તે પૂજન જ છે.

# ગુજરાતને એવા સીએમ મળ્યાં છે, જે ટેકનોલોજીના જાણકાર છે

## નરેન્દ્ર મોદી સુરતમાં હોસ્ટેલ ફેઝ-૧ના ભૂમિપૂજનમાં વર્ચ્યુઅલી હાજરી આપીને તેનુ ભૂમિ પૂજન કર્યું

ગાંધીનગર,તા.૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુરતમાં હોસ્ટેલ ફેઝ-૧ના ભૂમિપૂજનમાં વર્ચ્યુઅલી હાજરી આપીને તેનુ ભૂમિ પૂજન કર્યુ હતું. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ હોસ્ટેલનું નિર્માણ કરશે, આ હોસ્ટેલ છોકરાઓની હશે. પ્રધાનમંત્રીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ભૂમિ પૂજનમાં હાજરી આપી હતી. આ હોસ્ટેલમાં અંદાજે ૧,૫૦૦ વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા હશે. હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ માટે સભાગૃહ અને પુસ્તકાલય પણ રહેશે. બીજા તબક્કાની હોસ્ટેલ આગામી વર્ષથી શરૂ થશે, જેમાં ૫૦૦ છોકરીઓ માટે રહેવાની વ્યવસ્થા હશે. તો સાથે જ આ કાર્યક્રમમાં તેમણે ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વખાણ કર્યા હતા. ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વખાણ કરતા પીએમ મોદીએ કહ્યું કે, ગુજરાતને એવા મુખ્યમંત્રી મળ્યાં છે, જે ટેકનોલોજીના જાણકાર છે, જમીન સાથે જોડાયેલા છે. અલગ અળગ ક્ષેત્રોમાં કામ કરવાનો તેમનો અનુભવ ગુજરાતના વિકાસમાં કામ આવશે. નગરપાલિકાથી શરૂ કરીને ઔડા સુધીની સફર, ૨૫ વર્ષથી અખંડ રૂપથી પ્રશાનને તેમણે નજીકથી જોયુ અને તેનું નેતૃત્વ કર્યુ છે. મને ખુશી છે કે આવા અનુભવી વ્યક્તિ ગુજરાતનું નેતૃત્વ કરી રહ્યાં છે. આટલા લાંબા સમયથી સાર્વજનિક જીવનમાં રહેવા છતા, વિવિધ પદ પર રહ્યા છે તેમના ખાતામાં કોઈ વિવાદ નથી. તેઓ ઓછુ બોલે છે, પણ કાર્યમાં ક્યારેય ઉણપ આવતી નથી. તેઓ સાયલન્ટ વર્કર તરીકે કામ કરવું તે તેમની કાર્યશૈલીનો હિસ્સો છે. અનેક લોકોને ખબર છે કે, તેમનો પરિવાર આધ્યાત્મક પ્રતિ સમર્પિત રહ્યો છે. આવા ઉત્તમ સંસ્કારવાળા નેતા નેતૃત્વ કરી રહ્યાં છે. પીએમ મોદીએ કાર્યક્રમમાં કહ્યું કે, બાપુએ રામરાજ્યના આદર્શ પરચાલનારા સમાજની કલ્પના કરી હતી. મને ખુશી છે કે ગુજરાતના લોકો આ મૂલ્યોને મજબૂતીથી આગળ વધારી રહ્યાં છે. સેવા સમાજ દ્વારા શિક્ષાના ક્ષેત્રમાં કરવામાં આવેલી આ પહેલ આ જ કડીનો ભાગ છે. આજે હોસ્ટેલનુ ભૂમિપૂજન થયુ છે. ૨૦૨૪ સુધી બંને ફેઝનું કામ પૂરુ થઈ જશે. આ પ્રયાસથી લોકોને નવી દિશા મળશે. સપનાને સાકાર કરવાનો અવસર મળશે. મને સંતુષ્ટ છે કે, સેવાના કાર્યમાં સમાજના દરેક વર્ગને સાથે લઈને ચાલવાનો પ્રયાસ છે. મને ગર્વ થાય છે કે ગુજરાત કેવી રીતે સરદાર પટેલની વિરાસતને આગળ વધારી રહ્યું છે. જાતિ અને પંથને આપણે રુકાવટ બનવા નથી દેવું. આપણે સૌ ભારતના દીકરા-દીકરી છે, સૌએ દેશને પ્રેમ કરવો જોઈએ એવુ સરદાર પટેલે કહ્યુ હતું. તેમની આ ભાવનાને ગુજરાતે મજબૂતી આપી છે. તેમણે વધુમાં કહ્યુ કે, ભારત હાલ આઝાદીના ૭૫ મા વર્ષે છે. ગુજરાતના વિકાસમાં અનેક લોકોના તપ, ત્યાગ અને તપસ્યા છે. એવા લોકો છે, જેમણે ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાને વધારવામાં મોટી ભૂમિકા ભજવી છે. છગન ભાનો દ્રઢ વિશ્વાસ હતો કે, શિક્ષણ જ સમાજના સશક્તિકરણનું મુખ્ય પરિબળ છે. ૧૯૧૯ માં તેમણે કડીમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સ્થાપના કરી હતી. સરદાર પટેલના એક અવાજથી ભાઈકાકાએ નોકરી છોડીને શિક્ષણ વિભાગમાં મોટો રોલ ભજવ્યો. ભાઈકાકાએ એ સમયે રુરલ યુનિવર્સિટીનુ સપનુ જોયુ હતું.



ગાંધીનગરમાં નવરાત પર્વ દરમિયાન શેરી ગરબામાં શકિતની ભકિત સાથે અનોખી રોનક જોવા મળી હતી. સાંજ ઢળતા જ રોશનીના જગમગાટ અને ઝળહળતા દિવડાઓની જ્યોત વચ્ચે ગરબાની રમઝટ જામતા વાતાવરણમાં અનોખી આદ્યાત્મિક ચેતના પ્રગટી છે. મહાઅષ્ટમી નિમિત્તે સેકટરોની શેરીઓમાં અનોખી આધ્યાત્મિક ચેતના પ્રગટી હતી સે-૩ સી સ્થિત કલ્ચરલ સ્કવેરમાં પણ નવરાત્રિની આઠમ નિમિત્તે ગરબા ફરતે રંગોળી અને દિવડાઓનો શણગાર કરી માતાજીની ભવ્ય મહાઆરતી યોજવામાં આવી હતી. ભાવિકોએ મહાઆરતી અને મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# જેઈઈ એડવાન્સ્ડમાં ટોપ ૧૦૦માં ગુજરાતના ૧૦ વિદ્યાર્થીને સ્થાન

## જેઈઈ એડવાન્સ્ડમાં ગુજરાતના નમન સોનીએ છઠ્ઠો રેન્ક મેળવ્યો, અનંત કિડામ્બીએ ૧૩મો રેન્ક મેળવ્યો છે

નવી દિલ્હી, તા.૧૫

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી)એ જેઈઈ એડવાન્સ્ડ ૨૦૨૧નું પરિણામ જાહેર કરી દીધુ છે. જેઈઈ એડવાન્સ્ડની પરીક્ષાનું આયોજન ૩ ઓક્ટોબરના રોજ થયું હતું. પરીક્ષામાં આઈઆઈટી દિલ્હીના મૃદુલ અગ્રવાલે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. ગુજરાતના ૧૦ છોકરાઓએ પરિણામમાં મેદાન માર્યું. પરીક્ષામાં ગુજરાતના ૧૦ વિદ્યાર્થીઓ ટોપ ૧૦૦માં આવ્યા છે. ૧ લાખ ૪૧ હજાર ૬૯૯માંથી ૪૧ હજાર ૮૬૨ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં પાસ થયા. ગુજરાતના નમન સોનીએ છઠ્ઠો રેન્ક મેળવ્યો. જ્યારે અનંત કિડામ્બીએ ૧૩ મો રેક્ર મેળવ્યો છે. પરમ શાહે ૫૨મો, લિસન કડીવારે ૫૭મો રેન્ક મેળવ્યો. પાર્થ પટેલે ૭૨મો અને રાઘવ અજમેરાએ ૯૩મો ક્રમાંક મેળવ્યો. ૫૭મો રેક્ર મેળવનાર લિસનના પિતા ચાની કિટલી ચલાવે છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) તરફથી એનઆઈટી માં એડમિશન માટે કાઉન્સલિંગની પ્રક્રિયા ૧૬ ઓક્ટોબરથી શરૂ થશે.

### મંદીનો મિજાજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માઈક્રોચીપના અભાવે આ સમસ્યા ઉભી થઈ છે. જે મલેશિયામાં મળે છે. પરંતુ કોવિડના લીધે ઉત્પાદન બંધ છે. આ મહીનામાં અત્યાર સુધી ૧૯૬ નુ બુકીંગ છે. પરંતુ દશેરા નિમિત્તે માત્ર ૩૮ કારની ડીલીવરી કરવામાં આવી છે. બાકી રહેતા ગ્રાહકોને આગામી ત્રણ થી પાંચ મહીનાની મુદ્દત આપવામાં આવી છે. બીજીતરફ નંદા ઓટોના સિનિયર મેનેજર પ્રવિણભાઈ ઠાકોરે જણાંવ્યુ હતુ કે આ મહીના દરમિયાન મારુતિની કાર માટે જિલ્લામાં ૨૦૦ નુ બુકીંગ આવ્યુ છે. પરંતુ આજે માત્ર ૩૦ કારની જ ડીલીવરી આપી શકાય તેમ છે. જયારે ૧૪ દિવસમાં જ ૯૦ કારનુ બુકીંગ આવ્યુ છે. પરંતુ કાર નથી માઈક્રોચીપના અભાવે સમસ્યા ઉભી થઈ છે.

### ૭ કંપનીઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીફેન્સ સેક્ટરમાં ભારે રિફોર્મ થઈ રહ્યા છે. આ માટે સિંગલ વિન્ડો રિફોર્મની વ્યવસ્થા કરવામાં આવી છે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, તાજેતરમાં જ ૧૦૦ એવા હથિયારોની લિસ્ટ બહાર પાડવામાં આવ્યુ હતુ જેની આયાત હવે ભારત બહારથી નહીં કરવાનો નિર્ણય લેવાયો છે. નવી લોન્ચ થયેલી સાત કંપનીઓ ભારતીય સેનાન મજબૂત બનાવશે અને આશા છે કે, તે પિસ્ટલથી માંડીને ફાઈટર જેટ્સ સુધીના તમામ હથિયારો ભારતમાં બનાવશે. આ કંપનીઓને ૬૫૦૦૦ કરોડ રૂપિયાના ઓર્ડર મળ્યા છે. જે સાત કંપનીઓ દેશને સમર્પિત કરાઈ છે તેમાં એડવાન્સ વેપન્સ એન્ડ ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ, ટૂપ કંફર્ટસ ઈન્ડિયા લિમિટેડ, ઈન્ડિયા ઓપ્ટેલ લિમિટેડ, મ્યુનિશન ઈન્ડિયા લિમિટેડ, અવની આર્મર્ડ વ્હીકલ્સ, ગ્લાઈડર્સ ઈન્ડિયા લિમિટેડ, યંત્ર ઈન્ડિયા લિમિટેડનો સમાવેશ થાય છે. આ કંપનીઓ ગોળા બારૂદ, વાહનો, હથિયારો, સૈન્ય સુવિધાને લગતી વસ્તુઓ, ઓપ્ટો ઈલેક્ટ્રોનિક્સ ગીયર, પેરાશૂટ જેવી વસ્તુઓનુ ઉત્પાદન કરશે.

# દશેરાના પવિત્ર પર્વે સુરતમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ માટેના અત્યાધુનિક ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલ, અતિથિભવનનો પાયો નંખાયો

## હોસ્ટેલના પ્રાંગણમાં રૂ.૨.૫૧ કરોડના ખર્ચે ૧૦ ફૂટના સ્ટેજ સાથેની ૩૧ ફુટ ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની પંચધાતુની પ્રતિમા સ્થાપિત થશે

ગાંધીનગર, તા. ૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ “જાતિ અને પંથે વિકાસના માર્ગમાં અડચણ બનવા નહિ દેવાના સરદાર પટેલ સાહેબના સ્વપ્નને સૌ દેશવાસીઓ સાથે મળીને પૂર્ણ કરશે તેવો સ્પષ્ટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

સરદાર સાહેબના આદર્શો અનુસાર પરસ્પર પ્રેમ અને સહયોગની ભાવના કેળવી ભાગ્યનિર્માણ રાષ્ટ્ર નિર્માણ થવું જોઈએ. પાટીદાર સમાજની હોસ્ટેલમાં રહી યુવાનો જ્ઞાનશક્તિના માધ્યમથી તેમના પરિવાર, સમાજ અને દેશના ઘડતરમાં યોગદાન આપશે એમ દશેરાના પવિત્ર દિને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા સુરતમાં રૂ.૨૦૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર અત્યાધુનિક વિદ્યાર્થી ભવનનું વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઈ-ખાતમુહુર્ત કરતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતમાં પ્રત્યક્ષ ખાતમુહૂર્ત કરી ‘શ્રીમતી જમનાબેન છગનભાઈ ગોંડલિયા વિદ્યાર્થી ભવન, સુરત’ અને રાધાબેન હરજીભાઈ ઘેલાણી અતિથિભવનના નિર્માણકાર્યનો પાયો નાંખ્યો હતો.

વડાપ્રધાને વીડિયો લિંક દ્વારા નવી દિલ્હીથી આ સમારોહને સંબોધન કરતાં જણાવ્યું કે પાટીદાર સમાજના સબળ અને પ્રેરક પ્રયાસોથી વિદ્યાર્થીઓના નિવાસ, અભ્યાસ અને આધુનિક પુસ્તકાલયની શ્રેષ્ઠ સુવિધા ઉભી થશે, જે આ સમાજના યુવા છાત્રોને વધુ સશક્ત બનાવી નવી દિશા આપશે.

વડાપ્રધાને આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયના પ્રતિક એવા વિજયાદશમી પર્વની સૌને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે આધુનિક છાત્રાલય માત્ર દેશની ભાવિ પેઢીના ભવિષ્યનું નિર્માણ કરવા માટેની એક ઈમારત નહીં રહેતા સરદાર સાહેબના આદર્શો અનુસાર જીવવાની પ્રેરણા પણ પૂરી પાડશે. વડીલોના કઠોર પરિશ્રમના પરિપાકરૂપે સાકાર થનારી આ હોસ્ટેલમાં રહી યુવાનો જ્ઞાનશક્તિના માધ્યમથી તેમના પરિવાર, સમાજ અને દેશના ઘડતરમાં યોગદાન આપશે. વડાપ્રધાને પાટીદાર સમાજના યુવાનોના સશક્તિકરણ માટે તેમજ કન્યા કેળવણી અને મહિલાઓના ઉત્કર્ષ પર માટેના સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સરદારધામના સક્રિય અને ઉમદા પ્રયાસોની પ્રશંસા કરતા જણાવ્યું કે ગાંધીજીએ રામરાજયના આદર્શથી સંચાલિત શાસન વ્યવસ્થાની કલ્પના કરી હતી,



## પાલનપુરમાં ભવ્ય આતશબાજી વચ્ચે રાવણ દહન

પાલનપુરમાં ભગવાન શ્રી રામ, લક્ષ્મણ અને હનુમાનજી સાથે નીકળેલી શોભાયાત્રા નું ઠેરઠેર સ્વાગત કરાયું હતું. આ શોભાયાત્રા મોડી સાંજે રામલીલા મેદાનમાં પહોંચી હતી. જ્યાં હજારોની મેદનીમાં ભવ્ય આતશબાજી વચ્ચે રાવણ, મેઘનાદ અને કુંભકર્ણનું દહન કરવામાં આવ્યું હતુ. જ્યાં મોટી સંખ્યામાં લોકોએ આતશબાજી નો આનંદ માણ્યો હતો. રાવણ દહન બાદ લોકોએ ફાફડા જલેબીની જ્યાફત માણી હતી.

# તારા ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરમાં વિકલાંગ બાળકો માટે નવા કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૫

વિકલાંગ બાળકની વાણી, ભાષા અને સામાજિક કુશળતા વિકસાવવાની ક્ષમતાને અસર કરી શકે છે. વિકલાંગ બાળકોને જેટલી જલ્દી સારવાર સેવાઓ મળે છે, એટલી વધારે સંભાવના છે કે બાળકની વાણી, ભાષા, સામાજિક કુશળતા અને વર્તન તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચી જશે. પ્રારંભિક હસ્તક્ષેપ કાર્યક્રમ સેવાઓ સાંભળવાની ખોટ ધરાવતા નાના બાળકોને ભાષાની કુશળતા અને અન્ય મહત્વની કુશળતા શીખવામાં મદદ કરે છે. સંશોધન બતાવે છે કે પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓ બાળકના વિકાસમાં મોટા પ્રમાણમાં સુધારો કરી શકે છે. જે બાળકોમાં કોઈપણ પ્રકારના વિકલાંગતાનું નિદાન કરવામાં આવ્યું છે, તેમને વહેલી તકે હસ્તક્ષેપની સેવાઓ મેળવવાની શરૂઆત કરી દેવી જોઈએ, પરંતુ ૬ મહિના પછી નહીં.

વધુ જાગૃતતા અને સારવાર પુરી પાડવા માટે તારા ફાઉન્ડેશને ગાંધીનગરમાં નવી પુનર્વસન કેન્દ્ર કમ સ્કૂલના ઉદ્ઘાટન સાથે વધુ એક પહેલ કરી છે. આંકડા અનુસાર ગુજરાતમાં, જ્યાં દર વર્ષે ૧૦૦૦ બાળકો શ્રવણ વિકલાંગતા સાથે જન્મે છે, તારા ફાઉન્ડેશન એક એવા મુદ્દાને સંબોધિત કરવા માટે એક પ્રશંસનીય કાર્ય કરી રહી છે. તારા ફાઉન્ડેશને સરકારની મદદથી બીઆરસી ભવન, ગાંધીનગર ખાતે નવા કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યુ. આ પ્રસંગે વિનોદ રાવ, સેક્રેટરી એજ્યુકેશન ગુજરાત, જે.પી. ગુપ્તા, કમિશનરેટ ઓફ કોમર્શિયલ, ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ, આઈએએસ (સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર અને ગુજરાત કાઉન્સિલ ઓફ સ્કૂલ એજ્યુકેશન), સન્ની જૈન (ટ્રસ્ટી તારા ફાઉન્ડેશન), પ્રમિલ બંસલ (ટ્રસ્ટી તારા ફાઉન્ડેશન), ડૉ. મીનેશ જુવેકર, ડૉ. સિદ્ધાર્થ સખીયા (ટ્રસ્ટી, તારા ફાઉન્ડેશન) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે તારા ફાઉન્ડેશનના ટ્રસ્ટી સન્ની જૈને જણાવ્યુ હતુ કે ‘અમારૂ લક્ષ્ય તમામ વિકલાંગ બાળકોને તેમના સામાન્ય સાથીઓની જેમ સાંભળવા અને બોલવા માટે સક્ષમ બનાવવાનું છે. તારા ફાઉન્ડેશન જીવનના તમામ ક્ષેત્રોમાં આ બાળકોની સુધારણા માટે કામ કરે છે. ગાંધીનગર ખાતેના અમારા કેન્દ્રમાં દર મહિને ૫૦૦ વિદ્યાર્થીઓને મફત સારવાર મળે છે. અમે ૧૨ જિલ્લાઓમાં પુનર્વસન કેન્દ્રો સાથે કામ કરી રહ્યા છીએ.